Presented on : 12-02-2025
Registered on : 12-02-2025
Decided on : 05-06-2026
Duration : 1 years, 3 months, 21 days

**IN THE COURT OF**
**PRINCIPAL CIVIL JUDGE & J.M.F.C AT BHANVAD,DEVBHOOMI DWARKA**
**Presided Over by MR. PRAKHAR GAUTAM**

**CC/96/2025**

**Exhibit No.:**

હિતેશભાઈ મગનલાલ જોષી,
ઉવ.આ.૪૭, ધંધો. વેપાર,
રહે. ભાણવડ, ઠે.વ્રજભૂમિ સોસા,
તા. ભાણવડ જી. દેવભૂમિ ધ્વારકા ....... ....... ફરીયાદી

––– વિ રૂ ધ્ધ –––

હાર્દિકભાઈ નીતીનભાઈ પતાણી,
રહે. જામનગર, ઠે. જલીયાણ, શાંતિ વિહાર–૨,
ધ્વારકા ગ્રીન બંગલો, લાલવાડી, ગ્રીન વુડની સામે,
જામનગર. ....... ......... આરોપી

બાબત : ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબની ફરિયાદ.

---

ફરીયાદપક્ષ તરફે વિ.વકીલશ્રી એન.એમ.મકવાણા
આરોપી તરફે વિ.વકીલ શ્રી જી.એન.સોરઠીયા

---

**-: ચુકાદો :-**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ આ કામના ફરીયાદી પાસે નાણાની માંગણી કરતા તે માંગણીની રકમનો ચેક આરોપીએ ફરીયાદીને આપેલ હતો. આ ચેક વટાવવા જતા તે અપુરતા ભંડોળના કારણે રીર્ટન થયેલ હતો. આથી અમો ફરીયાદીએ આ કામના આરોપી વિરૂધ્ધ ભાણવડના નામદાર જયુડિશ્યલ મેજી. સાહેબની કોર્ટમાં નેગો.ઈન્સ.એકટની કલમ-૧૩૮ હેઠળ ફોજદારી ફરીયાદ દાખલ કરેલ હતી. આ ફોજદારી ફરયીાદ ફોજદારી કેસ નં. ૮૫૭/૨૦૨૪થી દાખલ થયેલ હતો. ઉપરોકત કેસમાં ફરીયાદી અને આરોપી વચ્ચે સમાધાન થઈ ગયેલહતું. આથી આ કામનાઆરોપીએ નામદાર અદાલતમાં થયેલ સમાધાનની શરત મુજબ અમો ફરીયાદીના લેણા કબુલ કરેલ હતા. તેમજ ફરીયાદીના લેણા ચુકવવા માટે મુદત માંગી હતીી. આથી ફરીયાદી અનેઆરોપીવચ્ચે થયેલ સમાધાન મુજબ આરોપીએ ફરીયાદીને નાણા ચુકવવા માટે કુલ ૧૫ હ પ્તા કરીચેક નં. ૦૦૦૦૦૨ નો રૂા. ૨,૦૦,૦૦૦/- પુરાનો ચેક આપેલ હતો. વધુમાં આ કામના આરોપીએ ફરીયાદીના લેણાની રકમ ચુકવવા માટે આરોપીની બેંક તે બેંક ઓફ બરોડા-રણજીત રોડ, જામનગર શાખાનો ખાતા નં. ૦૩૬૭૦૨૦૦૦૦૨૬૦૩ નો ચેક નં. ૦૦૦૦૦૨ વાળો રૂા. ૨,૦૦,૦૦૦/- પુરાનો તા. ૦૧-૧૧-૨૦૨૪ લખેલ આપેલ હતો. વધુમાં ઉપરોકત જણાવેલ ચેક આપતી વખતે આ કામના આરોપીએ અમો ફરીયદીને એવો વિશ્વાસ અને ભરોસો આપેલ હતો કે, આ ચેક તેમા જણાવેલી તારીખે અથવા તે પછી કાયદેસરની મુદતની અંદર બેકમાં રજ થતા ચેકના નાણા અમો ફરીયાદીને મળી જશે. વધુમાં ફરીયાદીએ તેમની બેંક તે આઈ.સી.આઈ.સી.આઈ. બેંક ભાણવડ શાખાના ખાતામાં ઉપરોકત ચેક વટાવવા માટે નાખેલ હતો, પરંતુ આ કામના આરોપીના ખાતામાં અપુરતા ભંડોળ હોવાના કારણે આ ચેક વણચુકવ્યો પરત ફરેલ છે. આથી આ ચેક ફન્ડસ ઈન્શફીશીયન્ટના શેરા સાથે તા. ૦૭-૧૨-૨૦૨૪ના રોજ રીર્ટન મેમો આપી, ફરીયાદીની બેંકે પરત કરેલ છે. આ ચેકની સાથે બેંકના જરૂરી પત્ર વ્યવહારના આધારો પણ અમો ફરીયાદીને આપવામાં આવેલ છે. **વધુમાં આ કામના આરોપીએ અમો ફરીયદીને ઉપરોકત જણાવેલ ચેક આપતીવખતે એવા વિશ્વાસ અને ભરોસો આપેલ કે, આ ચેક તેની કાયદેસરની મુદતમાં બેંકમાં રજુ થતા ચેકના નાણા અમો ફરીયાદીને ચુકવાઈ જશે. અમો ફરીયાદીને આપવામાં આવેલ આવા વિશ્વાસનો ભંગ થયેલ છે.** વધુમાં ફરીયાદીને તા. ૦૭-૧ ૨-૨૦૨૪ના રોજ ઉપરોકત ચેક રીર્ટન થવાની જાણ થતા, અમારા વકિલશ્રી મારફત એક લેખીત ડીમાન્ડ નોટીસ આ કામના આરોપીને તા. ૨૬-૧૨-૨૦૨૪ ના રોજ આપેલ. આ નોટીસ આરોપીને મળી જ જાય તેવા હેતુસર રજી. એડી. પોસ્ટથી નોટીસ આરોપીના ઘરના સરનામે મોકલી આપેલ. આ નોટીસ આરોપીને મળી ગયા બાદ પણ આ નોટીસનો કોઈજવાબ આપેલ ન હોય કે નાણા ચુકવેલ ન હોય આથી

નોટીસ મુજબની ચેકની રકમ અમો ફરીયાદીને ચુકવી આપેલ નથી. આમ, આ કામના આરોપીએ આજદિન સુધી ઉપર જણાવેલ ચેકના નાણા અમો ફરીયાદીને ચુકવેલ નથી. આથી આ કામના આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ−૧૩૮ મુજબની સજા પાત્ર ગુનો કરેલ છે.

(૨) ત્યારબાદ ફરિયાદીની ફરીયાદ રજીસ્ટરે લઈ આરોપીને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ−૨૦૪ મુજબ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ−૧૩૮ મુજબના ગુના સબબ સમન્સ કરતા તેની બજવણી થઈ જતાં આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થતાં, આરોપીને ફરીયાદ તથા તેની સાથે દસ્તાવેજોની નકલો પુરી પાડી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ−૨૫૧ ની જોગવાઈ મુજબ આરોપીનો આંક−૧૩ થી નિવેદન લીધેલ છે.જેમાં આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરી અને પોતે કેસ આગળ ચલાવવાનો છે તેમ જણાવેલ. આ કામે આરોપીને અને ફરીયાદીને વિગતવારનો વિસ્તૃત પુરાવો આપવાની તક આપેલ હોય હાલનો કેસ સમંસ ટ્રાયલ જેમ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે તેઓનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

−<u>:: મૌખિક પુરાવા ::</u> −

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી હિતેશભાઈ મગનલાલ જોષી નું પુરાવાનું સોગંદનામુ | ૦૫ |

− <u>:: દસ્તાવેજી પુરાવા ::</u> −

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ભા.ફો.કે.નં. ૮૫૭/૨૦૨૪ના કામે નામદાર કોર્ટમાં રજુ થયેલ સમાધાન કરાર | ૧૭ |
| ૨. | આરોપીએ આપેલ ચેક | ૧૮ |
| ૩. | રીટર્ન મેમો | ૧૯ |
| ૪. | આરોપીને આપેલ ડિમાન્ડ નોટીસ | ૨૦ |
| ૫. | નોટીસ પોસ્ટ રજી. એ.ડી. થી આરોપીના ઘરે મોકલેલ તેની પહોંચ | ૨૧ |
| ૬. | આરોપીને ઘરના સરનામે નોટીસ મળી ગઈ તેનો પોસ્ટ વિભાગનો ટ્રેકીંગ રીપોર્ટ | ૨૨ |

ફરીયાદપક્ષ તરફથી ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી. સદર કામે ફરીયાદીની **આંક−૫ ની લેખિત સરતપાસ**

**રજુ છે** તેની ઉલટતપાસ કરવાનો આરોપીને ઘણો સમય આપવા છતાં હાજર રહેલ નથી ફરીયાદી તરફેની આંક–૨૫ વાળી અરજી લગત હુકમ કરી તેઓનો ઉલટતપાસ કરવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ફરીયાદપક્ષ દ્વારા વધુ પુરાવા આપવા માંગતા નહી હોવા અંગેની કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૪) ફરીયાદપક્ષે પુરાવો પુરો થયાનુ જાહેર થયા બાદ આ કામે આરોપીનું ફોજદારી કાર્યરીતી સંહિતા કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવા માટે રાખવામાં આવેલ.

આ તબકકે નામદાર કર્ણાટક હાઈકોર્ટના Kulkarni R V vs Dakshina Murthy in Cri. Revision Petition No.437/2010. Dt.28 June, 2012 ના ચુકાદામાં કલમ ૩૧૩ ના વિશેષ નિવેદન અં ગે અવલોકન કરેલ છે મુજબ,

કલમ ૩૧૩ નું વિશેષ નિવેદન ની જોગવાઈઓ કુદરતી ન્યાયના સિદ્ધાંત પર આધારિત છે અને તે મુજબ કોઈને સાંભળ્યા વિના અને તેને બચાવની તક આપ્યા વિના તેના વિરૂધ્ધ નિર્ણય ન કરવો જોઈએ. હવે હાલના કેસમાં આરોપીની પ્લી આંક–૧૩ થી નોંધવામાં આવેલ છે. સદર કામે આરોપી હાજર રહેતા ન હોય તેમજ તેમના તરફે કોઈ રિપોર્ટ કે રજુઆત ન હોય તેમજ ફરીયાદી તરફે આરોપીના વિશેષ નિવેદનનો હકક બંધ કરવાની અરજી આપવામાં આવેલ હોય જે આંક–૨૭ વાળી અરજી લગત હુકમ કરી આરોપીનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તર્ફે મૌખિક દલીલો કરવામાં આવેલ છે. જેમાં તેઓએ તેમની આંક–૧ ની અરજી અને રજુ કરેલ દસ્તાવેજી પુરાવા મુજબની છે જેથી તેનું પુનરાવર્તન ટાળવામાં આવેલ છે. સદર કામે આરોપી હાજર રહેતા ન હોય તેમજ તેમના તરફે કોઈ રિપોર્ટ કે રજુઆત ન હોય તેમજ ફરીયાદી તરફે આરોપીની દલીલનો હકક બંધ કરવાની અરજી આપવામાં આવેલ હોય જે આંક– ૨૮ વાળી અરજી લગત હુકમ કરી આરોપીની દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૬) આ કામે રજુ થયેલ પુરાવાઓ તેમજ ફરીયાદ પક્ષની મૌખિક દલીલો ધ્યાને લેતાં સદર કેસના ન્યાયીક નિર્ણય માટે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>:: મુદ્દા ::</u>

૧) શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીને તેના કાયદેસરના લેણાની રકમ રૂા. ૨,૦૦,૦૦૦/– પેટે બેંક ઓફ બરોડા, રણજીત રોડ, જામનગરનો ચેક નં.૦૦૦૦૦૨ વાળો આપેલ જે ફંડ ઈન્સફીસીયન્ટના શેરા સાથે બિન ચુકવાયેલ પરત ફરેલ છે અને આ કામના આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો શિક્ષાનેપાત્ર ગુન્હો કરેલ છે ?

૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧) હકારમાં.

૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત નિર્ણય માટેના કારણો અને પુરાવાનુ મુલ્યાંકન :–

(૮.૧) હાલના તબકકે હાલના કેસમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાનું વિશ્લેષણ કરતાં પહેલા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની નીચે મુજબની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાય આવે છે.

138. Dishonour of cheque for insufficiency, etc., of funds in the accounts.

Where any cheque drawn by a person on an account maintained by him with a banker for payment of any amount of money to another person from out of that account for the discharge, in whole or in part, of any debt or other liability, is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of that account is insufficient to honour the cheque or that it exceed the amount arranged to be paid from that account by agreement made with that bank, such person shall be deemed to have committed an offence and shall, without prejudice to any other provision of this Act, be punished with imprisonment for [a term which may be extended to two years], or with fine which may extend to twice the amount of the cheque, or with both :

Provided that nothing contained in this section shall apply unless-

(a) the cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity, whichever is earlier ;

(b) the payee or the holder in due course of the cheque, as the case may be, makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, [within thirty days] of the receipt of information by him from the Bank regarding the return of the as unpaid, and

(c) the drawer of such cheque fails to make the payment of the said amount of money to the payee or as the case may be, to the holder in due course of the cheque within fifteen days of the receipt of the said notice.

Explanation : For the purposes of this section, "debt or other liability" means a legally enforceable debt or other liability.

(૮.૨) આ કામે ફરીયાદીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ની આદેશાત્મક જોગવાઈઓનું પાલન કરેલ છે કે કેમ ? તે જોવું જરૂરી છે. જેથી આ તબકકે નામદાર સર્વોચ્ચ ન્યાયાલય દ્વારા અપર્ણા એ. શાહ વિરૂધ્ધ શેઠ ડેવલપર્સ પ્રાઈવેટ લીમીટેડ, (૨૦૧૩) ૮ એસ.સી. પેજ

નં. ૭૧ ઉપર પ્રસિધ્ધ ચુકાદાના પેરા નં.૮ ઉપર નીચે મુજબની ચર્ચા કરેલ છે.

8) In order to constitute an offence under Section 138 of the N.I. Act, this Court, in Jugesh Sehgal vs. Shamsher Singh Gogi, (2009) 14 SCC 683, noted the following ingredients which are required to be fulfilled :

" (i) a person must have drawn a cheque on an account maintained by him in a bank for payment of a certain amount of money to another person from out of that account;

(ii) the cheque should have been issued for the discharge, in whole or in part, of any debt or other liability;

(iii) that cheque has been presented to the bank within a period of six months from the date on which it is drawn or within the period of its validity whichever is earlier;

(iv) that cheque is returned by the bank unpaid, either because of the amount of money standing to the credit of the account is insufficient to honour the cheque or that it exceeds the amount arranged to be paid from that account by an agreement made with the bank;

(v) the payee or the holder in due course of the cheque makes a demand for the payment of the said amount of money by giving a notice in writing, to the drawer of the cheque, within 15 days of the receipt of information by him from the bank regarding the return of the cheque as unpaid;

(vi) the drawer of such cheque fails to make payment of the said amount of money to the payee or the holder in due course of the cheque within 15 days of the receipt of the said notice.

Being cumulative, it is only when all the afore mentioned ingredients are satisfied that the person who had drawn the cheque can be deemed to have committed an offence under Section 138 of the Act."

હાલના કેસમાં આરોપીના ખાતાના જે આંક–૧૮ વાળો ચેક રજુ કરવામાં આવેલ છે તે અંગે આરોપીએ કોઈ બચાવ રજુ કરેલ નથી કે આ ચેક તેઓએ આપેલ નથી કે તેમના ખાતાના નથી કે તેમાં તેઓની સહિ નથી તેવી કોઈ પણ હકીકત જણાવેલ નથી. માટે નામદાર સર્વોચ્ચ ન્યાયાલયના ઉપરોકત ચુકાદા અન્વયેનું અનુમાન ફરીયાદી તરફે અને આરોપી વિરૂધ્ધ કરવાનું રહે છે.

(૯) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ ની જોગવાઈઓ જોવામાં આવે તો તેમાં સ્પષ્ટ જણાવેલ છે કે, જયારે સમગ્ર રીતે અથવા અંશત: કોઈપણ દેવું કે અન્ય જવાબદારી અદા કરવા માટે, કોઈ વ્યકિત પોતે નિભાવતા હોય તેવા ખાતા પૈકીનો ચેક લખી આપે. હાલના કેસમાં જોવામાં આવે તો આરોપીએ જે ચેક લખી આપેલ છે તે અંગે કોઈ વાંધો લીધેલ નથી કે તેમાં કરવામાં આવેલ સહિ બાબતે પણ કોઈ વાંધો કે વિરોધ દર્શાવેલ નથી. જેથી તે અંગે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ

એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૧૮ અને ૧૩૯ ની જોગવાઈ જોતાં ચેક ધારણ કરનારની તરફેણમાં જે–તે તારીખે અને તેટલા અવેજ પેટેનો ચેક આપેલ હશે તેવું માની લેવાનું સ્પષ્ટ જણાવેલ છે. આમ, ફરીયાદીની તરફેણમાં કાયદાકીય અનુમાન કરવામાં આવે છે. તેને પ્રીપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીઝના એટલે કે, બચાવ સંભાવનાની પ્રબળતાના સીધ્ધાંતને ધ્યાને રાખીને પુરવાર કરવાનો રહે છે. સદર અનુમાનને ખંડન કરવા માટે આરોપીએ વિટનેસ બોક્ષમાં આવીને પુરાવો આપવાની જરૂર નથી. ફરીયાદપક્ષના પુરાવામાંથી તેમજ કેસના સંજોગો ઉપર આધાર રાખીને પણ આરોપી કાયદાકીય અનુમાનનું ખંડન કરતી હકીકત અદાલતને બતાવી શકે છે. એટલે કે, ફરીયાદીને ચેક આપેલ તે સમયે આરોપીને કોઈપણ પ્રકારનું દેવું હતું નહિં કે ફરીયાદીનું આરોપી પાસે કોઈપણ પ્રકારનું લેણું અસ્તીત્વમાં હતું નહિં. સાથોસાથ એ હકીકત પણ હાલના તબકકે નોંધવી જરૂરી છે કે, વૈધાનીક અનુમાનને માત્ર ડીનાયલ કરવામાં આવેલ હોય તો તે અનુમાનનું ખંડન કરેલ છે તેવું કહેવાય નહિ. આરોપીએ ફરીયાદીને ચેક જવાબદારી કે દેવા પેટ આપેલ નથી તેવું પુરવાર કરતો સચોટ અને સબળ પુરાવો આપવો પડે અને જો આરોપી વિરૂધ્ધ નો પુરાવો આપવામાં નિષ્ફળ રહે તો કાયદાની કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ નું વૈધાનિક અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે અને તે અનરીબટેડ રહે છે.

(૧૦) આ તબકકે નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા Kumar Exports V/s Sharma Carpets 2009 (2) SCC 513 ના ચુકાદામાં નીચે મુજબના સિધ્ધાંતો પ્રતિપાદિત કરેલ છે.

" 20. The accused in a trial under Section 138 of the Act has two options. He can either show that consideration and debt did not exist or that under the particular circumstances of the case the non existence of consideration and debt is so probable that a prudent man ought to suppose that no consideration and debt existed. To rebut the statutory presumptions an accused is not expected to prove his defence beyond reasonable doubt as is expected of the complainant in a criminal trial. The accused may adduce direct evidence to prove that the note in question was not supported by consideration and that there was no debt or liability to be discharged by him. However, the court need not insist in every case that the accused should disprove the nonexistence of consideration and debt by leading direct evidence because the existence of negative evidence is neither possible nor contemplated. At the same time, it is clear that bare denial of the passing of the consideration and existence of debt, apparently would not serve the purpose of the accused. Something which is probable has to be brought on record for getting the burden of proof shifted to the complainant. To disprove the presumptions, the accused should bring on record such facts and circumstances, upon consideration of which, the court may either believe that the consideration and debt did not exist or their nonexistence was so probable that a prudent man would under the circumstances of the case, act upon the plea that they did not exist. Apart from adducing direct evidence to prove that the note in question was not supported by consideration or that he had not incurred any debt or liability, the

accused may also rely upon circumstantial evidence and if the circumstances so relied upon are compelling, the burden may likewise shift again on to the complainant. The accused may also rely upon presumptions of the fact, for instance, those mentioned in Section 114 of the Evidence Act to rebut the presumptions arising under Sections 118 and 139.

21. The accused has also an option to prove the non-existence of consideration and debt or liability either by letting in evidence or in some clear and exceptional cases, from the case set out by the complainant, that is, the averments in the complaint, the case set out in the statutory notice and evidence adduced by the complainant during the trial. Once such rebuttal evidence is adduced and accepted by the court, having regard to all the circumstances of the case and the preponderance of probabilities, the evidential burden shifts back to the complainant and, therefore, the presumptions under Sections 118 and 139 of the Act will not again come to the complainant's rescue."

(૧૧) વધુમાં આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતના Rangappa V/s Sri Mohan, 2010 (11) SCC 441 ના ચુકાદામાં કલમ–૧૧૮ અને કલમ–૧૩૯ ના વૈધાનિક અનુમાનને લગતા મહત્વના સિધ્ધાંતો પ્રતિપાદિત કરી તે અંગે વિવિધ માર્ગદર્શક સિધ્ધાંતોની વિગતે ચર્ચા અને અવલોકન નીચે મુજબ કરેલ છે.

" 26. In the light of these extracts, we are in agreement with the respondent claimant that the presumption mandated by Section 139 of the Act does indeed include the existence of a legally enforceable debt or liability. To that extent, the impugned observations in Krishna Janardhan Bhat may not be correct. However, this does not in any way cast doubt on the correctness of the decision in that case since it is based on the specific facts and circumstances therein. As noted in the citations, this is of course in the nature of a rebuttal presumption and it is open to the accused to raise a defence wherein the existence of a legally enforceable debt or liability can be contested. However, there can be no doubt that there is an initial presumption which favours the complainant.

27. Section 139 of the Act is an example of a reverse onus clause that has been included in furtherance of the legislative objective of improving the credibility of negotiable instruments. While Section 138 of the Act specifies a strong criminal remedy in relation to the dishonour of cheques, the rebuttable presumption under Section 139 is a device to prevent undue delay in the course of litigation. However, it must be remembered that the offence made punishable by Section 138 can be better described as a regulatory offence since the bouncing of a cheque is largely in the nature of a civil wrong whose impact is usually confined to the private parties involved in commercial transactions. In such a scenario, the test of proportionality should guide the construction and interpretation of reverse onus clauses and the defendant-accused cannot be expected to discharge an unduly high standard of proof.

28. In the absence of compelling justifications, reverse onus

clauses usually impose an evidentiary burden and not a persuasive burden. Keeping this in view, it is a settled position that when an accused has to rebut the presumption under section 139, the standard of proof for doing so is that of "preponderance of probabilities". Therefore, if the accused is able to raise a probable defence which creates doubts about the existence of a legally enforceable debt or liability, the prosecution can fail. As clarified in the citations, the accused can rely on the materials submitted by the complainant in order to raise such a defence and it is conceivable that in some cases the accused may not need to adduce evidence of his/her own."

(૧૨) વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતની ફુલ બેંચે Triyambak S. Hegde Vs. Sripad, Criminal Appeal Nos. 849 - 850 of 2011, Dtd. 23/09/2021 ના રોજ જે ચુકાદો આપેલ છે, તે ચુકાદા ના પેરેગ્રાફ નં. ૧૧, ૧૨, ૧૩ માં કાયદાની કલમ–૧૧૮ અને ૧૩૯ અંગે નીચે મુજબની ચર્ચા કરેલ છે.

11. From the facts arising in this case and the nature of the rival contentions, the record would disclose that the signature on the documents at Exhibits P-6 and P-2 is not disputed. Exhibit P-2 is the dishonoured cheque based on which the complaint was filed. From the evidence tendered before the JMFC, it is clear that the respondent has not disputed the signature on the cheque. If that be the position, as noted by the courts below a presumption would arise under Section 139 in favour of the appellant who was the holder of the cheque. Section 139 of the N.I. Act reads as hereunder:

> "139. Presumption in favour of holder- It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in section 138 for the discharge, in whole or in part, of any debt or other liability."

12. In so far as the payment of the amount by the appellant in the context of the cheque having been signed by the respondent, the presumption for passing of the consideration would arise as provided under Section 118(a) of N.I. Act which reads as hereunder:

"118. Presumptions as to negotiable instruments – Until the contrary is proved, the following presumptions shall be made:

(a) of consideration–that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration."

13. The above noted provisions are explicit to the effect that such presumption would remain, until the contrary is proved. The learned counsel for the appellant in that regard has relied on the decision of this court in K. Bhaskaran vs. Sankaran Vaidhyan Balan & Anr.(1999) 7 SCC 510 wherein it is held as hereunder :

" 9. As the signature in the cheque is admitted to be that of the accused, the presumption envisaged in Section 118 of the Act can legally

be inferred that the cheque was made or drawn for consideraion on the date which the cheque bears. Section 139 of the Act enjoins on the Court to presume that the holder of the cheque received it for the discharge of any debt or liability. The burden was on the accused to rebut the aforesaid presumption. The Trial Court was not persuaded to rely on the interested testimony of DW-1 to rebut the presumption. The said finding was upheld by the High Court. It is not now open to the accused to contend differently on that aspect. "

(૧૩) આમ, ઉપરોકત નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિઘ્ઘાંતો તેમજ કાયદાકીય જોગવાઈઓ અને હાથ ઉપરના કેસની હકીકતો અને સંજોગોને નજર સમક્ષ રાખી રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું સમગ્ર વિશ્લેષણ કરવામાં આવે તો ફરીયાદી તરફે આંક-૫ થી ફરીયાદીની સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જે ફરીયાદને અનુરૂપ હોય તેનું પુનરાવર્તન ટાળેલ છે. આ સરતપાસના સોગંદનામા અન્વયે કોઈ ઉલટતપાસ આરોપી તર્ફે કરવામાં આવેલ નથી અને ફરીયાદીની આંક-૨૫ ની અરજી લગત હુકમ કરી ફરીયાદીનો ઉલટ તપાસ કરવાનો આરોપીઓ હકક બંધ કરવામાં આવેલ છે.

(૧૪) સામાન્ય રીતે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટના કેસમાં ફરીયાદી તર્ફે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ અને કલમ-૧૩૯ વંચાણે લેતાં ફરીયાદી તર્ફેનું અનુમાન કરવાનું જણાવેલ છે. જેથી આરોપીએ પ્રબળ શંકા ફરીયાદીના કેસ વિરુઘ્ઘ લાવી, પોતાના વિરુઘ્ઘનો કેસ સાબીત થતો અટકાવવો જોઈએ.

હાલની ફરીયાદ અન્વયે આરોપી પ્લી થયા બાદ ફરીયાદીની ઉલટ તપાસ કરેલ નથી કે કોઈ બચાવ રજુ કરેલ નથી. આમ, આરોપીને કેસની તમામ માહિતી હોવા છતાં હાજર રહેલા નથી કે હાલની ફરીયાદીવાળા ચેક અન્વયે આરોપીએ પોતાનો કોઈ બચાવ રજુ કરેલ નથી.

(૧૫) ઉપરોકત તમામ હકીકતો જોતાં બચાવપક્ષે હાજર રહી ફરીયાદીને આપેલ ચેક રીટર્ન થવા અંગે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો ગુનો તેઓએ કરેલ નથી તેવો કોઈ બચાવ રજુ કરેલ નથી. આમ, જયારે બચાવપક્ષે પોતાનો કોઈ બચાવ રજુ કરેલ ન હોય ત્યારે આ કામે આરોપી વિરુઘ્ઘ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૧૮ તથા ૧૩૯ હેઠળ કરવામાં આવતા અનુમાનો આરોપી વિરૂઘ્ઘ માની લેવાનું રહે છે. જેથી હાલના કેસમાં રેકર્ડ પરના પુરાવાઓ, તથા ઉપરોકત નામઢ દાર સર્વોચ્ચ અદાલતના ચૂકાદાઓના આધારે તથા બચાવપક્ષે હાજર રહી કોઈ બચાવ રજુ કરેલ ન હોય એ હકીકત નિ:શંકપણે સાબિત થાય છે કે, આરોપીએ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧

૩૮ મુજબ ગુનો કરેલ છે. આમ ઉપરોકત ચર્ચાના આધારે મુદ્દા નંબર–૧ નો નિર્ણય હકારમાં ઠરાવવામાં આવે છે અને આરોપીને ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ હેઠળના ગુના માટે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૧૬) આરોપીપક્ષે આરોપી કે તેના વિ.વ.શ્રી હાજર રહેલ ન હોય નામદાર ગુજરાત હાઈકોર્ટના Sharad Jethalal Savla vs State Of Gujarat, R/CR.MA/ 19862/2015 માં આરોપીની ગેરહાજરીમાં સજા અંગેનો હુકમ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે તે ધ્યાને લીધી. અને મુદ્દા નં.ર અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

◀ હુકમ ▶

1 ] આ કામના આરોપી હાર્દિકભાઈ નીતીનભાઈ પતાણી, રહે. જામનગર, ઠે. જલીયાણ, શાંતિ વિહાર–ર, ધ્વારકા ગ્રીન બંગલો, લાલવાડી, ગ્રીન વુડની સામે, જામનગર ાનાઓને ફોજદારી કાર્યરીતી અધિનિયમ ની કલમ–ર૫૫(ર) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ,૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુના સબબ તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષ સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

2 ] ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૩૫૭(૩) અન્વયે આરોપીએ રૂા.ર,૦૦,૦૦૦/–(અંકે રૂપીયા બે લાખ પુરા) વળતર તરીકે ફરીયાદીને ચુકવવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી સદર રકમ ચુકવવામાં કસુર કરે તો, આરોપીએ ૩(ત્રણ) માસની વધુ સાદી કેદની સજા અલગથી ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

3 ] આરોપીના તમામ જામીનખત તથા બોન્ડ રદ્દ કરવામાં આવે છે. તેમજ આરોપી દવારા જામીનગીરી પેટે જો કોઈ રકમ ભરવામાં આવેલ હોય તે સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

4 ] આ કામનાં આરોપી આજરોજ અત્રેની અદાલત સમક્ષ હાજર ન હોય, સદર ચુકાદો તેઓની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે, આરોપી વિરૂધ્ધ સજાની અમલવારી સારુ નોન–બેલેબલ વોરંટ ઈસ્યુ કરવુ.

આ હુકમ આજ રોજ તારીખ ૦૫ મી માહે જૂન સને ર૦ર૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાં ચી, સંભળાવી મારી સહી તથા કોર્ટનો સિકકો કરીને જાહેર કર્યો.

તા. ૦૫ / ૦૬ / ૨૦૨૬ ( પ્રખર ગૌતમ )

ભાણવડ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, ભાણવડ

GJ 01751